



# તમારી ખરાબ ટેવોને કારણે જીવનમાં કર્જ વધતું જાય છે



કાળચક્ર

યજ્ઞાનંદ

દરેક વ્યક્તિ પોતાનું જીવન સુખ, શાંતિ અને આર્થિક સમૃદ્ધિથી ભરેલું ઈચ્છે છે... એટલા માટે તે વધારે મહેનત કરે છે પરંતુ ત્યાર બાદ પણ જીવનમાં ‘કર્જની સમસ્યા’નો સામનો કરવો પડે છે!

કર્જ એવી સમસ્યા છે કે, જેમાં કુટુંબ પરિવારની શાંતિ સંપૂર્ણ છીનવી લે છે! આ સમસ્યાના સમાધાન માટે ધર્મનાં મુખ્ય મહાપુરાણોમાંથી એક ગરુડ પુરાણમાં બતાવ્યું છે. આ પુરાણ સફળ અને સમૃદ્ધ જીવન જીવવાનું માર્ગદર્શક છે.

ગરુડ પુરાણમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, કેટલીક એવી ખરાબ ટેવોના કારણે વ્યક્તિથી મા લક્ષ્મીજી નારાજ થઈ જાય છે. જેનાથી કારણ વગરના ખરચા વધે છે અને કર્જની સમસ્યાનો સામનો કરવો પડે છે. જો તમે પણ લાંબા સમયથી કર્જના બોજનો સામનો કરી રહ્યા હો તો આ લેખમાં બતાવવામાં આવેલી ગરુડ પુરાણની 4 આદતોને આજે જ છોડી દો. તેનાથી કર્જની સમસ્યા કોસો દૂર થશે.

**સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે સૂઈ જવું**

ગરુડ પુરાણ અનુસાર જે વ્યક્તિ સવારે સૂર્યોદય બાદ તેમ જ સૂર્યાસ્ત દરમિયાન સૂઈ રહે છે તો તેનાથી જીવનમાં કર્જની સમસ્યાનો સામનો કરવો પડે છે. સૂર્યોદય પછી પણ મોડા સુધી સૂવું અને સૂર્યાસ્ત દરમિયાન પથારીમાં પડ્યા રહેવું તે અશુભ માનવામાં આવે છે. એટલા માટે મોડા સવાર સુધી અને સૂર્યાસ્ત સમયે સૂવું વર્જીત છે!

### કર્જની જટિલ સમસ્યાનું સચોટ સમાધાન ગરુડ પુરાણમાં જણાવ્યું છે!

**કઠોર વાણી બોલવી અને અપમાન કરવું**

ગરુડ પુરાણમાં બતાવ્યું છે કે, જે વ્યક્તિ વાતચીત દરમિયાન કડવા શબ્દનો પ્રયોગ કરતા હોય કે પછી કોઈનું અપમાન કરે છે, તો તેને આર્થિક તંગીની સમસ્યા થઈ શકે છે. એટલા માટે કોઈને કઠોર વાણી અને કોઈનું અપમાન કરવાથી બચવું જોઈએ. આ ભૂલ કરવાથી સમૃદ્ધિ ક્યારેય રોકાતી નથી.

**ઘરમાં ગંદકી અને રાત્રે એંઠાં વાસણ રાખવાં**

જે ઘરમાં સાફસફાઈ થતી હોય છે તે ઘરમાં મા લક્ષ્મીનો વાસ થાય છે. એટલા માટે ઘરમાં સાફસફાઈનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આ ભૂલ કરવાથી ઘરમાં નકારાત્મક ઊર્જા રહે છે જેનાથી કર્જની સમસ્યા બની શકે છે તે સિવાય રાત્રે એઠાં વાસણ ના છોડવાં જોઈએ. તેનાથી પણ આર્થિક સંકટ આવે છે.

**બેઈમાની કરવી**

જે વ્યક્તિ જીવનમાં બેઈમાની અને છેતરપિંડી કરે છે તેનાથી ધનમાં કમી આવે છે અને તિજોરીમાં ક્યારેય પણ ધન રોકાતું નથી.

# મણિપુર ચક્ર જાગૃત કરવું છે... તો ધનંજય નાભિ અત્તરનો પ્રયોગ કરો




યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

ધનંજય નાભિ અત્તર-કળિયુગમાં સાક્ષાત્ દૈવિક કૃપા જેવું જ છે.

તેને શુક્ર ગ્રહના સવા લાખ બીજ મંત્ર તેમ જ વૈદિક પૂજનથી અભિમંત્રિત કરવામાં આવ્યું છે.

‘મણિપુર ચક્ર’માં શક્તિઓનો એટલો ભંડાર ભરેલો હોય છે કે, મનુષ્ય સમસ્ત સંસારનું રાજ પ્રાપ્ત કરી શકે છે. આપણા ગ્રહો તેમજ આપણી દૂષિત જીવનપદ્ધતિના કારણે આપણે આ શક્તિથી વંચિત રહી જઈએ છીએ! પરંતુ જેવું તેનું નામ ‘ધનંજય નાભિ અત્તર’ છે એવા જ તેમાં ગુણ ‘ધનંજય’ એટલે કે ‘ધન પર વિજય પ્રાપ્ત કરવાનાર.’

ધનંજય નાભિ અત્તરનો રોજ પ્રયોગ કરવાથી આપણું મણિપુર ચક્ર સક્રિય એટલે કે જાગૃત થવાનો પ્રારંભ થઈ જાય છે. જેનાથી તમે જે મેળવવા ઈચ્છો તે બધી જ ચીજ તમારી તરફ આકર્ષિત થવા લાગે છે! અને દેવકૃપાથી તમે થોડાક જ દિવસોમાં તે ચીજનું સ્વામિત્વ પ્રાપ્ત કરી લો છો. પછી તે ધન, શોહરત, પ્રેમ હોય કે અન્ય કોઈ પણ સંસારનું સુખ!

ધનંજય નાભિ અત્તરના પ્રયોગ બાદ સમસ્ત ગૃહ તેમ જ દૈવિક શક્તિઓ તમારી તરફ આકર્ષિત થવા લાગે છે, જેને કારણે તમે ‘કોલસામાં હીરો’ એટલે કે લાખોમાં એક જેવા થઈ જાવ છો. પરંતુ ધ્યાન એ રાખવું કે, ધનંજય નાભિ અત્તરના પ્રયોગના સમયે તમારી અભિલાષાઓ ઉચ્ચ તેમ જ સ્વચ્છ રાખવી. જેનાથી તમે હંમેશાં સુખની પ્રાપ્તિ થતી રહે.

નાભિમાં અત્તર લગાડવાથી ફાયદા આર્થિક તંગી પણ દૂર થઈ શકે છે!

પુરાણો અનુસાર પુરુષોનો જન્મ ભગવાન વિષ્ણુની નાભિથી થયો છે. એટલા માટે તેને પવિત્ર માનવામાં આવે છે. બાઈબલમાં પણ કહ્યું છે કે, આ ધરતી અને સ્વર્ગને નાભિ જોડે છે! એટલે તે (નાભિ) પવિત્ર માનવામાં આવે છે.

વ્યક્તિની કુંડળીમાં હાજર રહેલા ગ્રહોની દશા તેના જીવનને પ્રભાવિત કરે છે. જે લોકોની કુંડળીમાં ગ્રહ શુભ સ્થિતિમાં હોય છે તેઓને જીવનમાં સફળતા અને પ્રગતિ સાથે સાથે આર્થિક લાભ મળે છે પરંતુ બીજી તરફ જે લોકોની કુંડળીમાં ગ્રહ મહાદશામાં હોય છે. તેઓને ઘણી જ મુશ્કેલી-પરેશાનીઓનો સામનો કરવો પડતો હોય છે. જે લોકોની કુંડળીમાં શુક્ર નબળો હોય છે તેઓને ધન અને ઐશ્વર્યની કમી (ઊણપ)નો સામનો કરવો પડે છે.

‘શુક્ર ગ્રહ’ અને ‘નાભિ’માં અત્તર સાથે જોડાયેલા ઉપાય કરવાથી લાભ મળી શકે છે.

ઘરમાંથી બહાર જતા સમયે નાભિમાં અત્તર લગાડવાથી વ્યક્તિને કયારેય પણ ધન અને ઐશ્વર્યની કમી રહેતી નથી.

ચંદન, ગુલાબ અને મોગરાનું અત્તર નાભિમાં લગાડવું ઘણું શુભ તેમજ અસરકારક માનવામાં આવે છે.

કહેવાય છે કે, ચંદન અને મોગરાનું આ અત્તર નાભિમાં લગાડવાથી વધારે ગુસ્સો અને અનિદ્રાની સમસ્યા દૂર થઈ શકે છે.

માઈગ્રેન એટલે કે માથાના દુખાવામાંથી છુટકારો અપાવવા માટે નાભિમાં અત્તર લગાડવું તે ઘણું અસરકારક માનવામાં આવે છે.

### મણિપુર ચક્ર સક્રિય થવાથી તમે જે મેળવવા ઈચ્છો તે બધી જ ચીજ તમારી તરફ આકર્ષાય છે મણિપુર ચક્રમાં શકિતઓનો ભંડાર ભરેલો છે




**ધનંજય નાભિ અત્તર લગાડવાના ફાયદા**

નાભિ પર ધનંજય અત્તર લગાડવાથી અરોમાથેરાપી અને આયુર્વેદનો એક પ્રાચીન ભાગ છે. નાભિ આપણા શરીરનું કેન્દ્ર બિંદુ છે, જે કેટલીયે નસો સાથે જોડાયેલી છે.

**માનસિક શાંતિ અને તનાવમાં લાભ**

અત્તરની મનમોહક ખુશબૂ સીધું મન-મસ્તિકષ્કને પ્રભાવિત કરે છે. જેનાથી ચિંતા, તનાવ અને ડિપ્રેશન ઓછું થાય છે અને મન શાંત રહે છે.

આત્મવિશ્વાસમાં વધારો: નાભિ પર આ અત્તર લગાડવાથી શરીરમાં એક ભીની-ભીની સુગંધ આવે છે, જે માનસિક ઊર્જાને વધારીને આત્મવિશ્વાસને મજબૂત કરે છે.

પાચનશક્તિમાં સુધારોઃ આયુર્વેદ અનુસાર નાભિ પર અત્તર કે તેલનાં કેટલાંક ટીપાં લગાડવાથી અને હલકી માલિશ કરવાથી પાચન અગ્નિ ઉત્તેજીત થાય છે, જેનાથી ગેસ અને પેટ ફૂલવું જેવી સમસ્યાઓમાં આરામ મળે છે.

**ઊર્જાનું સંતુલનઃ**

નાભિને શરીરનું પેકોટી સેન્ટર માનવામાં આવે છે. અહીં અત્તર લગાડવાથી શરીરનાં ચક્રો સમતોલ રાખે છે અને દિવસભર ઊર્જાવાન અનુભવાય છે.

અત્તર લગાડવાની સાચી પદ્ધતિઃ રોજ નાહ્યા બાદ કે રાત્રે સૂતાં પહેલાં નાભિમાં ધનંજય અત્તરનાં 1-2 ટીપાં મૂકવાં અને હલકા હાથથી ચારે તરફ ક્લોકવાઈઝ (ઘડિયાળની દિશામાં) માલિશ કરવું.

ધનંજય નાભિ અત્તર-આધ્યાત્મિક અને જ્યોતિષીય દૃષ્ટિકોણથી ઘણું મહત્ત્વ છે. તે મુખ્યરૂપે મણિપુર ચક્ર(નાભિ ચક્ર)ને જાગૃત કરવાથી આકર્ષણના નિયમ લો ઓફ એટેન્શનને મજબૂત કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

ચક્ર જાગૃતિ : તેના નિયમિત ઉપયોગથી શરીરનું મણિપુર ચક્ર સક્રિય થાય છે. જે આત્મવિશ્વાસ, ઊર્જા અને ઈચ્છાશક્તિનું કેન્દ્ર માનવામાં આવે છે.

સકારાત્મક ઊર્જા અને આકર્ષણઃ તેને નાભિ પર લગાડવાથી આભામંડળ શુદ્ધ અને ઊર્જિત થાય છે, જેનાથી સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે અને વિચારેલી મનોકામનાઓ પૂરી થવામાં મદદ કરે છે.

આકર્ષણ અને ધન-લાભઃ જ્યોતિષમાં નાભિને ઊર્જાનો મુખ્ય સ્રોત માનવામાં આવે છે.આ અત્તર શુક્ર ગ્રહ (ધન, ઐશ્વર્ય અને આકર્ષણ)થી જોડાયેલા બીજ મંત્રોથી અભિમંત્રિત હોય છે, જે જીવનમાં સફળતા ભૌતિક સુખ-સમૃદ્ધિને આકર્ષિત કરે છે.

આપણે બધા ઈચ્છીએ છીએ કે, આપણા ઘરમાં બરકત રહે, સંબંધોમાં મીઠાશ રહે અને મન હંમેશાં શાંત રહે. પરંતુ કેટલીક વાર જાણે-અજાણે એવી ચીજો બની જાય છે કે, જેનાથી ઘરમાં ઝઘડો વધી જાય છે. પૈસાની તંગી આવી જાય છે કે મન બેચેન રહેવા લાગે છે. એવામાં જો કોઈ સરળ ઉપાય મળી જાય તો તેનાથી ઘરની નેગેટિવ એનર્જી દૂર થઈ જાય છે. તો તેને કેમ ના અજમાવવો જોઈએ! આપણા શરીરમાં નાભિને ઊર્જાનું કેન્દ્ર માનવામાં આવે છે. નાભિ પર કોઈ ખાસ ચીજ લગાડવામાં આવે તો સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે છે.

# રત્નો ધારણ કર્યા વગર પણ કુંડળીના ગ્રહોને મજબૂત બનાવી શકાય છે



સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

જ્યોતિષશાસ્ત્રમાં જન્મ કુંડળીના દોષોને જીવનમાં ઘણી સમસ્યાઓનું કારણ માનવામાં આવે છે. ઘણાં લોકો ગ્રહ દોષોને દૂર કરવા માટે મોંઘાં રત્નો પહેરે છે. પરંતુ કેટલાંક તેને અયોગ્ય માને છે... ઘણાં કેટલાંક આર્થિક કારણોસર તેને પહેરી શકતાં નથી... આવી પરિસ્થિતિઓમાં જ્યોતિષશાસ્ત્રમાં ઘણા સરળ અને અસરકારક ઉપાયો છે જે રત્નો પહેર્યા વિના ગ્રહોને મજબૂત બનાવી શકે છે.

**સૂર્યદોષ દૂર કરવાના ઉપાયો**

જો ‘સૂર્ય’ કુંડળીમાં નબળો હોય તો વ્યક્તિને માન, આત્મવિશ્વાસ અને સરકારી કામમાં અવરોધોનો સામનો કરવો પડી શકે છે.

સૂર્યને મજબૂત બનાવવા માટે દરરોજ સવારે તાંબાના વાસણમાંથી પાણી અર્પણ કરો. પાણીમાં લાલ ફૂલો અને થોડો ગોળ ઉમેરો. રવિવારે, ઘઉં, ગોળ અને લાલ કપડાંનું દાન કરવું પણ શુભ માનવામાં આવે છે.

**ચંદ્ર દોષ દૂર કરવાના ઉપાયો**

નબળો ચંદ્ર- માનસિક તણાવ અને ભય વધારી શકે છે. ચંદ્ર દોષ દૂર કરવા માટે, સોમવારે ભગવાન શિવનો જળાભિષેક કરો અને ‘ઓમ સોમાય નમઃ’ મંત્રનો જાપ કરવો.

ચોખા, દૂધ, ખાંડ જેવી સફેદ વસ્તુઓનું દાન કરવાથી પણ શુભ ફળ મળે છે. રાત્રે ચંદ્રને દૂધ અર્પણ કરવું.

**મંગળ દોષ દૂર કરવાના ઉપાયો**

મંગળ દોષ- ગુસ્સો, લગ્નજીવનમાં તણાવ અને અકસ્માતોનું જોખમ વધારે છે.

મંગળવારે ભગવાન હનુમાનજીની પૂજા કરો અને સુંદરકાંડનો પાઠ કરો. મંગળ દોષ ઘટાડવામાં મસૂર અને લાલ ફળોનું દાન કરવું. વાંદરાઓને ગોળ અને ચણા ખવડાવવાનું પણ ફાયદાકારક માનવામાં આવે છે. હનુમાનજી ભગવાનને બુંદી કે બુંદીનો લાડુ ધરાવવો.

**બુધને મજબૂત કરવાના ઉપાયો**

જો બુધ નબળો હોય તો- ધંધો-વ્યવસાય, શિક્ષણ અને વાતચીત કૌશલ પર અસર પડી શકે છે. બુધને મજબૂત કરવા માટે... બુધવારે લીલી મસૂર, લીલાં શાકભાજી અને લીલાં કપડાનું દાન કરવું. ગાયોને લીલો ચારો ખવડાવવો.

**ગુરુ દોષ દૂર કરવાના ઉપાયો**

જો ગુરુ ગ્રહ નબળો હોય તો... લગ્ન, શિક્ષણ અને પૈસા સંબંધિત સમસ્યાઓ વધી શકે છે. આવી પરિસ્થિતિઓમાં ગુરુવારે પીળી વસ્તુઓનું દાન કરવું. કેળના ઝાડની પૂજા કરવી. ગરીબોને ચણાની દાળ, હળદરનું દાન કરવું. ભગવાન ગુરુને સમર્પિત મંત્રોનો જાપ કરવો. ઓમ બૃહસ્પતૈ નમઃ, ઓમ ગુરવે નમઃ, ઓમ દત્તાત્રેય નમઃ, ઓમ નમો ભગવતે વાસુદેવાય વગેરે મંત્રનો જાપ ફાયદાકારક રહે છે.

**શુક્ર દોષ દૂર કરવાના ઉપાયો**

શુક્રને- ભૌતિક સુખ, લગ્નજીવન અને આકર્ષણનો કારક માનવામાં આવે છે. શુક્ર દોષ દૂર કરવા માટે શુક્રવારે દેવી લક્ષ્મીજીની પૂજા કરો અને સફેદ મીઠાઈ અર્પણ કરો. છોકરીઓને સફેદ કપડાં અથવા સૌંદર્ય પ્રસાધનોનું દાન કરવું.

**શનિ દોષ દૂર કરવાના ઉપાયો**

શનિ દોષ જીવનમાં સંઘર્ષ, વિલંબ અને આર્થિક મુશ્કેલીઓ વધારી શકે છે.

શનિવારે પીપળાના ઝાડ નીચે સરસવના તેલનો દીવો પ્રગટાવવો. ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવા અને કાળા તલ, કાળા ચણાનું દાન કરવાથી પણ શનિ દોષ દૂર થાય છે.

**રાહુ-કેતુ દોષ માટે આ ઉપાયો અજમાવો**

રાહુ અને કેતુના અશુભ પ્રભાવથી મૂંઝવણ, તણાવ અને અચાનક સમસ્યાઓ થઈ શકે છે.

આ દોષોને શાંત કરવા માટે ભગવાન ભૈરવ અને ભગવાન ગણેશની પૂજા કરવી ફાયદાકારક માનવામાં આવે છે.

નાળિયેર, ધાબળા અને તલનું દાન કરવું.

# દર્દનિવારણ માટે ચમત્કારિક જડીબુટ્ટી અમૃત માળા



જડીબુટ્ટી

નજુમી

અમૃત માલાઃ ઔષધીય જડી-બુટ્ટીઓથી બનેલી આ માળા છે જેને દોરામાં કે માળામાં ગળામાં પહેરી શકાય છે. તેનો ઉપયોગ ખાસ કરીને દર્દ નિવારણ અને સમગ્ર કલ્યાણ માટે કરવામાં આવે છે. તેને ગળામાં પહેરવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલ સમસ્યાઓમાં કેટલાયે ફાયદા મળે છે.

**અમૃત માલા જડીબુટ્ટી પહેરવાના ફાયદા**

**દર્દમાં રાહતઃ** તે ગળાનું દર્દ (સર્વાઈકલ), ખભાનો દુખાવો કે તણાવ અને પીઠનાં દર્દો ઓછાં કરવા માટે ઘણી મદદ કરે છે!

**માઈગ્રેન અને ચક્કર આવવાઃ** તેના પ્રાકૃતિક/ગુણ માઈગ્રેનનું દર્દ, તણાવ અને ચક્કર આવવાની સમસ્યામાં બહુ જ રાહત આપે છે.

**તણાવ અને ચિંતામુક્તિઃ** તે તમારી તંત્રિકા તંત્રને શાંત કરે છે અને મનને એકાગ્ર રાખીને નકારાત્મકતા દૂર કરે છે.

ઊર્જા અને ચક્ર સંતુલનઃ તે શરીરનું ઊર્જા સ્તર વધારે છે અને આધ્યાત્મિક અને માનસિક શાંતિ આપે છે.આ માળાને સામાન્ય રીતે 24 કલાક સતત પહેરી શકાય છે. તેને સ્નાન કરતી વખતે પણ ઉતારવાની આવશ્યકતા નથી. આ પારંપારિક અને આધ્યાત્મિક સમાધાનના રૂપે ઘણી લોકપ્રિય છે.

**અમૃત માળા કઇ ચીજથી બનેલી છે?**

અમૃત માળાની ઉપચારશક્તિનો અનુભવ કરો, જે સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે ખાસ કરીને તૈયાર કરવામાં આવેલ ઔષધિ છે. આ એક માત્ર દોરી નથી. તે શુદ્ધ લાકડીથી બનેલી છે અને તેમાં ઔષધીય ગુણો માટે પ્રસિદ્ધ દુર્લભ જડી-બુટ્ટીઓનો સમાવેશ થાય છે.

**અમૃતમાળા કેવી રીતે પહેરવી?**

શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરવા. અમૃતમાળાને ધૂપ કે અગરબત્તી અર્પણ કરવી. સતત ધારણ કરી રાખવી. તેને ચોવીસ કલાક પહેરી જ રાખવી. ઉતારવાની બિલકુલ જરૂર નથી. સ્નાન કરતા સમયે કે શૌચાલયનો ઉપયોગ કરતા સમયે પણ અમૃતમાળાને ધારણ કરી જ રાખવી.

### માઈગ્રેન, ડિપ્રેશન, ચિંતા વગેરેમાં અસરકારક